# સેન્સેક્સમાં ૫૯૦ પોઈન્ટનો ઘટાડો

નવી દિલ્હી,તા. ૨૭

શેરબજારમાં છેલ્લા ત્રણદિવસથી ચાલી રહેલી તેજી પર બ્રેક મુકાઈ હતી. શેરબજારમાં આજે તીવ્ર મંદી જોવા મળી હતી. શેરબજાર ફરી એકવાર પત્તાના મહેલની જેમ ધરાશાયી થતા તેમાં મોટો કડાકો બોલી ગયો હતો. સેન્સેક્સ ૫૯૦ પોઈન્ટ ઘટીને ૧૮૦૦૦થી પણ નીચેની સપાટીએ પહોંચી ગયો હતો. ફુડ સિક્યુરિટી બિલ લોકસભામાં પસાર થઈ ગયા બાદ સરકારના નાણાંકીય બોજ સાથે સંબંધિત ચિંતાનું મોજુ ફરી વળ્યુ હતુ. મુડીરોકાણકારોએ આજે ૧.૭ લાખ કરોડની સંપત્તિ ગુમાવી દીધી હતી. તીવ્ર વેચવાલી જોવા મળી હતી જેથી ૧૫૦૦ જેટલા શેર મંદીમાં રહ્યા હતા. બેંક, કેપિટલ ગુડ્સ, પાવર, રિયાલિટીના શેરમાં સૌથી માઠી અસર જોવા મળી હતી. મૂડીરોકાણકારોએ બ્લુચીપમાંથી મોટા પ્રમાણમાં નાણાં પાછા ખેંચી લીધા છે. શેર બજારમાં જારી મંદીના લીધે હવે કારોબારીઓ પણ દિશાહિન થઈ ગયા છે. છેલ્લા ત્રણ સેશન્સમાં ૬૫૨ પોઈન્ટનો સુધાર થયા બાદ સેન્સેક્સમાં આજે ફરીથી ૫૯૦ પોઈન્ટનો ઘટાડો થયો હતો જેથી સેન્સેક્સ ૧૭૯૬૮ની નીચી સપાટીએ પહોંચી ગયો હતો જે ૨૧મી ઓગસ્ટ બાદથી સૌથી નીચી સપાટી છે. આવી જ રીતે નેશનલ સ્ટોક એકસચેન્જની ઈન્ડેક્સ નિફ્ટીમાં ૫૩૦૦થી નીચી સપાટી જોવા મળી હતી.

નિફ્ટીમાં ૧૮૯ પોઈન્ટનો ઘટાડો રહેતા તેની સપાટી ૫૨૮૭ નોંધાઈ હતી. એસએક્સ ૪૦ ઈન્ડેક્સમાં ૩૯૧ પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હતો. બ્રોકરોનું કહેવું છે કે રૂપિયો ઈન્ટ્રા ડેના કારોબાર દરમિયાન ૬૬ની સપાટીને તોડી દેતા વધી ગયેલા મૂડીપ્રવાહને લઈને ચિંતાપ્રવર્તી રહી છે. ફુડ સિક્યુરિટી પ્લાનને લઈને સરકારના નાણાંકીય બોજમાં વધારો થશેતેવી ચિંતાને લઈને



વેચવાલીનું દબાણ જોવા મળ્યુ હતુ. સિરિયામાં વધી ગયેલી તંગદિલી તથા ઓઈલની કિંમતોમાં વધારાની અસર પણ જોવા મળી હતી. ૩૦ શેર સેન્સેક્સની વાત કરવામાં આવે તો ૨૭ શેરમાં કડાકો બોલી ગયો હતો. એચડીએફસી લિમિટેડમાં સૌથી વધુ ૭.૭૦ ટકાનો ઘટાડો રહ્યો હતો. જ્યારે એચડીએફસી બેંકમાં ૮.૦૪ ટકા, એસબીઆઈમાં ૨.૪ ટકા, આઈસીઆઈસીઆઈ બેંકમાં ૩.૨૬ ટકાનો ઘટાડો રહ્યો હતો. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, સનફાર્મા, ઓએનજીસી, મારૂતિ સુઝુકી, એનટીપીસી, ભેલ, લાર્સન એન્ડ ટુબ્રો, ભારતી એરટેલ, આઈટીસી, કોલ ઈન્ડિયામાં પણ મોટો ઘટાડો રહ્યો હતો. બેંકિંગ ઈન્ડેક્સમાં સૌથી વધુ ૫.૩૪ ટકાનો ઘટાડો રહ્યો હતો. કેપિટલ ગુડ્સમાં ૪.૭૧ ટકા, પાવર ઈન્ડેક્સમાં ૪.૫૧ ટકા, રિયાલિટી ઈન્ડેક્સમાં ૩.૯૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.

## ખૂબ ઓછી કિંમતમાં ટિકિટો વેચવાની એરલાઈનને ફરજ

મુંબઈ,તા. ૨૭

ડૉલરની સામે રૂપિયામાં ઘટાડો થઈ રહ્યો છે. જુદી જુદી ચીજોમાં ખર્ચ વધી રહ્યો છે પરંતુ ભારતીય એરલાઈન્સ છેલ્લા બે વર્ષમાં સૌથી ઓછી કિંમતે ટિકિટોનું વેચાણ કરી રહી છે. એરલાઈન્સના કારોબારીઓ અને પ્રવાસ કંપની દ્વારા આ મુજબની વાત કરવામાં આવી છે. ભારતના ટોચની બજેટ એરલાઈન્સના કારોબારી અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે એરલાઈન્સને એવી દહેશત છતાવી રહી છે કે ઓછી માંગના પરિણામ સ્વરૂપે જંગી આકડામાં ભાડામાં વધારો કરવાની સ્થિતિ નથી. તહેવારની સિઝન ઓક્ટોબરમાં શરૂ થઈ રહી છે ત્યારે પણ ભાડામાં વધારો કરવાની સ્થિતિ નથી. ભાડા ૨૫ ટકા ઓછા દેખાઈ રહ્યા છે. અધિકારીઓનું કહેવું છે કે મહિનાઓના આધાર ઉપર ગણતરી કરવામાં આવે તો ભાડા ૨૫ ટકા ઓછા દેખાઈ રહ્યા છે. વિમાની ભાડા હાલમાં રેકોર્ડ નીચી સપાટી ઉપર છે. વર્તમાન મંદીની સિઝનમાં પણ ભાડા ઓછા દેખાઈ રહ્યા છે. ફૂલ સર્વિસ કેરિયર જુદા જુદા ભાડાને જાળવી રાખવાના પ્રયાસ કરી રહ્યા છે. વેચાણની દ્દષ્ટિએ ભારતના સૌથી મોટા પ્રવાસ પોર્ટલે કહ્યું છે કે ભાડા ખૂબ ઓછા છે.

જાન્યુઆરી સુધી સ્થિતિ સારી હતી પરંતુ હવે સ્થિતિ વણસી રહી છે. દિવાળી અને ક્રિસ્મસની તારીખ સુધી પણ મંદી દેખાઈ રહી છે. એપ્રિલ સુધી એરલાઈન્સોએ નિયમિત રીતે ભાડા વધાર્યા હતા. દિલ્હી-મુંબઈ વચ્ચેના ગાળા ૧૨થી ૧૫ હજાર સુધી પહોંચી ગયા હતા. પરંતુ એકાએક ભાડા ઘટવા લાગ્યા છે. ગયા વર્ષની સરખામણીમાં ભાડા વધવા માટે ઘણા કારણ છે છતાં એરલાઈન્સો ભાડામાં વધારો કરવાની સ્થિતિમાં નથી. સ્થાનિક પેસેન્જર ટ્રાફિકમાં જાન્યુઆરીથી મેના ગાળા દરમિયાન ૦.૭૪ ટકાનો વધારો થયો હતો. પરંતુ હાલમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે.

## રિલાયન્સ કેપિટલની ત્રણ વર્ષની અંદર સૂચિત બેંક શરૂ કરવાની યોજના : અનિલ

નવી દિલ્હી,તા. ૨૭

ઉદ્યોગપતિ અનિલ અંબાણીએ આજે કહ્યુ હતુ કે રિલાયન્સ કેપિટલ ત્રણ વર્ષની અંદર સૂચિત બેંક શરૂ કરવાની યોજના ધરાવે છે. નફા પાત્ર બેંકિંગ ક્ષેત્રે પ્રવેશ કરવાનો વિશ્વાસ વ્યક્ત કરતા અનિલ અંબાણીએ કહ્યુ હતુ કે સૂચિત બેંકથી રિલાયન્સ કેપિટલની સ્થિતિને વધુ સુધારી શકાશે. ત્રણ વર્ષમાં એક અલગ કંપની તરીકે તેની છાપ ઉભી કરવામાં આવશે. રિલાયન્સ કેપિટલમાં શેરધારકોને સંબોધતા અંબાણીએ કહ્યુ હતુ કે સૂચિત બેંકના તાત્કાલિક લાભ કંપનીના ઋણને ૨૦૦૦૦ કરોડથી ઘટાડીને ૫૦૦૦ કરોડ સુધી લઈ જશે તે રહેશે. રિલાયન્સ કેપિટલના ચેરમેને એમ પણકહ્યુ હતુ કે સૂચિત બેંકના લાંબા ગાળાના વિકાસ ઉપરાંત તાત્કાલિક લાભ પણ ઘણા રહેલા છે. કંપની પહેલાથી જ ઘણા બધા ક્ષેત્રોમાં પ્રવેશ કરી ચુકી છે જેમાં




વિમા, મ્યુચ્યુઅલ ફંડ, બ્રોકરેજનો સમાવેશ થાય છે. હવે બેંકિંગ લાઈસન્સ માટે પણ અરજી કરવામાં આવી છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા સમક્ષ જુનમાં આ અરજી કરવામાં આવી હતી. રિલાયન્સ કેપિટલ એવી ૨૬ કંપનીઓ પૈકીની છે જે બેંકિંગ લાઈસન્સ માટે અરજી કરી ચુકી છે. અંબાણીનું કહેવું છે કે બેંકિંગ મેદાનમાં ઉતરવાથી રિલાયન્સ કેપિટલના ડેબ્ટ ઈક્વિટી રેશિયોને ઘટાડવામાં મદદ મળશે. ત્રણ વર્ષના અંતે સંપૂર્ણ બેંકિંગ ક્ષેત્રમાં પ્રવેશ કરીશુ. આરકેબ પાંચ મુખ્ય બિઝનેસ જીવન વિમા, સામાન્ય વિમા, આરોગ્ય વિમા અને બિંકિંગ પર ધ્યાન કેન્દ્રિત કરશે. સૂચિત બેંકિંગ સાહસ માટે આરકેપ જાપાનની કંપની સાથે પણ ભાગીદારી ધરાવે છે. બેંકિંગ લાઈસન્સ મેળવવા માટે ઘણી કંપનીઓ મેદાનમાં આવી ચુકી છે. જેમાં તાતા, આદિત્ય બિરલા ગૃપ, ઈન્ડિયા પોસ્ટ, એલઆઈસી હાઉસિંગ ફાઈનાન્સ, બજાજ, આઈડીએફસી, આઈએફસીઆઈ, ઈન્ડિયા બુલ્સ, ઈન્ડિયા ઈન્ફોલાઈન, મુહુથ ફાઈનાન્સ, રેલીગર, શ્રીરામ કેપિટલ, યુએઈ એક્સચેન્જ, ટ્યુરિઝમ ફાઈનાન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા અને જેએમ ફાઈનાન્સનો સમાવેશ થાય છે. નવા લાઈસન્સ આગામી વર્ષની શરૂઆતમાં જારી કરાશે.

## અંકુશ રેખા પર ગોળીબારમાં ૨૬ જવાનો શહીદ થયા છે

નવી દિલ્હી,તા. ૨૭

અંકુશ રેખા ઉપર ભારત અને પાકિસ્તાનની સૈના વચ્ચે હાલમાં નિયમિત રીતે સામસામે ગોળીબાર થઈ રહ્યો છે. કારગીલ અને દ્રાસ સેક્ટરમાં પણ નિયમિત રીતે ગોળીબાર કરવામાં આવ્યો છે. સરકારે કબૂલાત કરી છે કે છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં સરહદ ઉપર પાકિસ્તાની સૈનિકો ઉપર કરવામાં આવેલા ગોળીબારમાં ૨૬ ભારતીય સૈનિકો માર્યા ગયા છે. સરહદ પારથી કરવામાં આવેલા ગોળીબારમાં પાંચ ભારતીય સૈનિકોના હાલમાં જ મોત બાદ ૨૨ સાંસદો દ્વારા કરવામાં આવેલા પ્રશ્નના જવાબમાં સરંક્ષણ પ્રધાન એ કે એન્ટોનીએ કહ્યું હતું કે ૨૦૧૦માં ૯ સૈનિકો, ૨૦૧૧માં ૫ સૈનિકો અને ૨૦૧૨માં ૩ સૈનિકોના મોત થયા છે. અંકુશ રેખા ઉપર નિયમિત રીતે ગોળીબાર થઈ રહ્યો છે. આ વખતે છઠ્ઠી ઓગસ્ટના દિવસે અંકુશ રેખા ઉપર છૂપો હુમલો કરીને પાકિસ્તાની સૈનાએ પાંચ ભારતીય જવાનોને મોતને ઘાટ ઉતારી દીધા બાદથી સમગ્ર ૭૭૮ કિલોમીટર લાંબા પટ્ટા પર યુદ્ધ વિરામનો સતત ભંગ પાકિસ્તાન દ્વારા કરવામાં આવી રહ્યો છે. એલઓસી હવે રેડ હોટમાં ફેરવાઈ ગયું છે. પાકિસ્તાની સૈનાએ કારગીલ અને દ્રાસમાં પણ ગોળીબાર કર્યો છે જ્યાં વર્ષોથી આવી કોઈ પ્રવૃત્તિ જોવા મળી ન હતી.

નવેમ્બર ૨૦૦૩ બાદથી પાકિસ્તાની સૈનિકોએ નિયમિત યુદ્ધ વિરામનો ભંગ કર્યો છે. આ વર્ષે ઓગસ્ટ સુધીના ગાળામાં પાકિસ્તાને સતત યુદ્ધ વિરામનો ભંગ કરીને તંગદિલી સર્જી છે.

## પત્નીને માર મારવા બદલ ઓમપુરીની ધરપકડ થશે

મુંબઈ,તા. ૨૭

પત્નીને નિર્દય રીતે માર મારવાના મામલામાં ફિલ્મ અભિનેતા ઓમપુરીની સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી ચૂકી છે. અભિનેતા ઓમપુરીની સામે અંધેરીના પોતાના એપાર્ટમેન્ટમાં પત્નીની ધોલાઈ કરવાના આરોપમાં કેસ દાખલ કરવામાં આવ્યો છે. પોલીસના જણાવ્યા મુજબ ઓમપુરીના પત્ની નંદીતા પુરીએ પોલીસનો સંપર્ક કરીને પતિની સામે એફઆઈઆર દાખલ કરી હતી. નંદીતાએ ફરિયાદ કરી છે કે તેના પતિએ તેની લાકડીથી ધોલાઈ કરી હતી. ત્યારબાદ પોલીસે ઓમપુરીની સામે એફઆઈઆર દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે. ૬૨ વર્ષીય અભિનેતાની સામે આઈટીસીની કલમ ૩૨૪, ૫૦૪ અને કલમ ૫૦૬ હેઠળ કેસ દાખલ કર્યો છે. પોલીસના જણાવ્યા મુજબ બંને વચ્ચે અંધેરીના વર્સોવા વિસ્તારમાં સેવેન બંગ્લોઝ સ્થિત ત્રુસીલ ઈમારતમાં પોતાના ફ્લેટની જાળવણીને લઈને વિવાદ થયો હતો.

ત્યારબાદ નારાજ થયેલા ઓમપુરીએ રાત્રે ૯.૩૦ વાગ્યાની આસપાસ પત્નીને માર મારી હતી. નંદીતાએ પોલીસ સ્ટેશન પહોંચીને વર્સોવામાં પતિ સામે ફરિયાદ નોંધાવી હતી. ઓમપુરીની હવે ધરપકડ કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. હજુ સુધી ધરપકડ માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી નથી.

## મેગા પાવર પ્રોજેક્ટોને કેબિનેટની અંતે મંજુરી

નવી દિલ્હી,તા. ૨૭


મૂડી રોકાણ અંગેની કેબિનેટ સમિતિએ અનેક મેગા પાવર પ્રોજેક્ટોને લીલીઝંડી આપી દીધી છે. ઘણા બધા પ્રોજેક્ટોમાં રોકાણને મંજુરી આપતા વિકાસની પ્રવૃત્તિ ઝડપથી આગળ વધશે. ૮૩૭૭૨ કરોડ રૂપિયાના ૧૮ પાવર પ્રોજેક્ટોને લીલીઝંડી અપાઈ છે આ ઉપરાંત ૯૨૫૦૦ કરોડના અન્ય નવ પ્રોજેક્ટોને પણ મંજુરી આપવામાં આવી છે. નાણાંપ્રધાન પી ચિદમ્બરમે આજે આ મુજબની જાહેરાત કરી હતી. ૧૮ પાવર પ્રોજેક્ટો અને અન્ય નવ પ્રોજેક્ટોમાં રોકાણને લીલીઝંડી આપવામાં આવી હોવાની વાત કરતા ચિદમ્બરમે કહ્યુ હતુ કે બેંકોએ પાવર પ્રોજેક્ટો માટે ૩૦૦૦૦ કરોડ આપ્યા છે. પાવર પ્રોજેક્ટો માટે ફ્યુઅલ સપ્લાય સમજૂતિ ૩૧મી ઓગસ્ટ સુધી પૂરી કરી લેવામાં આવશે. અન્ય નવ પ્રોજેક્ટોના સંબંધમાં ચિદમ્બરમે કહ્યુ હતુકે આ પ્રોજેક્ટોમાં પેટ્રોલિયમ અને કુદરતી ગેસ, રેલવે, સ્ટીલ સેક્ટરનો સમાવેશ થાય છે. બેંકોએ પહેલાથી જ અન્ય નવ પ્રોજેક્ટો માટે ૨૬૦૦૦ કરોડ મંજુર કર્યા છે. હવે આમાં આગળની કામગીરી શરૂ થશે.

## આસારામ બાપુને સમન્સ મળ્યુ

નવી દિલ્હી,તા. ૨૭

જાતે બની બેઠેલા ગોડમેન આસારામ બાપુએ બળાત્કારના કેસમાં તેમની સામે કરવામાં આવેલા તમામ આક્ષેપોને આજે ફગાવી દીધા હતા. ઈન્દોરમાં તેમના આશ્રમ ખાતે સમાચાર ચેનલ સાથેની વાતચીતમાં આસારામે દાવો કર્યો હતો કે તેમની સામે બિનજરૂરી રીતે કેસ કરવામાં આવ્યો છે. તેમને બદનામ કરવાના પ્રયાસો થઈ રહ્યા છે.

કિશોરી પર બળાત્કારના તમામ આક્ષેપો આસારામે રદિયો આપ્યો હતો. તેમણે એવો દાવો પણ કર્યો હતો કે આ યુવતિને તેમની સામે ફરિયાદ કરવાની ફરજ પાડવામાં આવી રહી છે. અગાઉ જોધપુર પોલીસની ટીમ ઈન્દોર આશ્રમ



પહોંચી ગઈ હતી અને આસારામ બાપુને સમન્સ પાઠવ્યુ હતુ. સવારે આઠ વાગ્યે શહેરના પરા વિસ્તારમાં ખાંડવા રોડ પર તેમના આશ્રમ ખાતે બે સભ્યોની ટીમ પહોંચી હતી અને બપોરે બે વાગ્યાની આસપાસ આસારામને સમન્સ પાઠવ્યુ હતુ. આસારામ પોતાના કાર્યકરો સાથે અગાઉ વાતચીત કરી રહ્યા હતા. મેડિટેશનમાં હોવાથી તેમને ખલેલ પહોંચાડવામાં આવી ન હતી. સબ ઈન્સપેક્ટર (એસઆઈ) ભવરસિંહે આશ્રમની બહાર પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ હતુ કે અમે બપોરે બે વાગ્યાની આસપાસ આસારામને નોટિસ આપી ચુક્યા છીએ. આ મામલામાં પોલીસ સમક્ષ પુછપરછ માટે ઉપસ્થિત થવા તેમને કહેવામાં આવ્યુ છે. આસારામે આ મામલામાં પોલીસ સાથે સહકાર આપવાની ખાતરી આપી છે. જોધપુર પોલીસે નોટિસ મળ્યાના ચાર દિવસની અંદર પુછપરછ માટે આસારામને હાજર થવા કહ્યુ છે. પ્રાથમિક તપાસ કરવામાં આવ્યા બાદ સમન્સ જારી કરવામાં આવ્યુ છે. તેમની સામે પ્રાથમિક પુરાવા મળ્યા હોવાનું જાણવા મળ્યુ છે. ૩૦મી ઓગસ્ટ પહેલા નિવેદન નોંધવા આસારામને કહેવામાં આવ્યુ છે. જોધપુર પોલીસે અમદાવાદમાં પણ આસારામ બાપુને ગઈકાલે સમન્સ આપી ચુકી છે. આસારામના પ્રતિનિધિને આ સમન્સ અપાયુ હતુ.

## સમાચાર ઝલક

- ♥ સરકારશ્રીના અનેક પ્રયત્નો છતાં રૂપિયો ડોલર સામે સૌથી નીચલા સ્તરે પહોંચ્યો.
- ♥ મોડી રાત્રે શ્રીમતી સોનિયા ગાંધીને રીએક્શન આવતા એમ્સમાં સારવાર લઇને ઘેર ગયા.
- ♥ કોલસા કૌભાંડની ગુમ ફાઇલોનો અહેવાલ સીબીઆઇ સુપ્રીમ કોર્ટને આપશે.
- ♥ નકસલી હુમલામાં ૪ બીએસએફ જવાનો શહિદ.
- ♥ અલ્હાબાદમાં પુરથી ભારે તબાહી.
- ♥ સેલ્ફ ફાઇનાન્સ કોલેજમાં એન્ટ્રસ પરીક્ષા નહી લેવા હાઇકોર્ટનો આદેશ.
- ♥ આસારામ બાપુની સામે કડક કાર્યવાહી કરવા મોટા ભાગના રાજકીય પક્ષોની ઉગ્ર માંગ.
- ♥ સંસદમાંથી તેલુગુદેશમ પાર્ટીનાં સંસદ સભ્યોને સસ્પેન્ડ કરાયા.
- ♥ અન્ન સુરક્ષા બીલને મંજુરીથી અર્થવ્યવસ્થાને ભારે અસર પહોંચશે.
- ♥ રૂપિયો તૂટતાં શેરબજારમાં ૬૦૦ પોઇન્ટ સેન્સેક્સ તૂટ્યો, ભારે મંદીનાં એંધાણ.
- ♥ લગ્ન કાયદામાં સુધારો, છુટાછેડા લેનાર પત્નીને સંપત્તિ માટે ભાગીદાર ગણાશે.
- ♥ મધ્યપ્રદેશમાં ૧૪ જિલ્લાઓ પુરગ્રસ્ત.
- ♥ સિરીયામાં રાસાયણિક હુમલાની તપાસ કરતી સમિતિ પર હુમલો.
- ♥ ૧લી સપ્ટેમ્બરથી રેલ્વે નૂરમાં વધારો થશે.
- ♥ શિતળા સાતમની શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરાઇ.
- ♥ શ્રીનગરમાં એક હોટલમાં ભીષણ આગ.
- ♥ બ્રાઝિલના વિદેશમંત્રીને પદભ્રષ્ટ કરાયા.
- ♥ બળાત્કારના વધતા જતા ગુના સામે સુપ્રીમે વ્યક્ત કરેલી ચિંતા.

## કૃષ્ણં વન્દે જગદ્ગુરૂમ્ (પાના નં. ૪ નું ચાલુ)

● કૃષ્ણે સમ્યક ક્રાંતિ કરી ઈન્દ્રપુજા બંધ કરી ગોવર્ધનપૂજા કરાવી કૃષ્ણ પરંપરા ભંજક છે. પ્રચલિત માન્યતાઓનું ખંડન કરી પોતાનું વિશિષ્ટ કાળચક્ર ચલાવે છે. અસત્ય બોલે છે પણ અકારણ નહિ, શૃંગાર કરે છે પણ વિલાસ નહિ, યુદ્ધ કરે છે પણ હિંસા નહિ, પથ પ્રદર્શનમાં માને છે પણ આંધળા અનુકરણમાં નહિ.

● મહાભારતના યુદ્ધમાં ભીષ્મનો વધ મહત્ત્વનો છે. ભીષ્મને ઈચ્છા મૃત્યુનું વરદાન હોય છે. ભીષ્મ જયારે સવારે ગુરૂવંદના કરવા જાય છે ત્યારે કૃષ્ણ યુધિષ્ઠિરને ભીષ્મ પાસે તેમનાં મૃત્યુનું રહસ્ય પૂછે છે ત્યારે ભીષ્મ કહે છે કે હું સમય આવે કહીશ. ૧૦માં દિવસે કૃષ્ણ ફરી યુધિષ્ઠિરને મોકલે છે ત્યારે ભીષ્મ કહે છે કે હું યુદ્ધમાં સ્ત્રી સાથે લડીશ નહિ ત્યારે મહાભારતના યુદ્ધમાં ભીષ્મનો વધ કરવા શીખંડીનો ઉપયોગ કર્યો. કૃષ્ણ કહે છે કે કયારેક સત્ય કરતાં અસત્ય ચઢિયાતું હોય છે.

● ભીષ્મ મૃત્યુ શય્યા પર હોય છે ત્યારે તેમની વેદના ગ્લાનિ દૂર કરે છે.

શ્રીકૃષ્ણ અર્જુનનો વિષાદ દૂર કરી તેને યુદ્ધ માટે તૈયાર કરે છે 'મામકાઃ પાંડવાઃ' કહેનારો અર્જુન અંત કહે છે કે નષ્ટો મોહ સ્મૃતિ લબ્ધા કરિયે વંચન તવ.

કૃષ્ણ માત્ર ભારતના જ નહિ સમગ્ર વિશ્વના 'ગુરૂ' છે કોઈ બાલકૃષ્ણને ભજે છે કોઈ રાધાકૃષ્ણને, કોઈ ગીતાકારને કોઈ યોગેશ્વરને.

'વસુદેવં સુતં દેવં, કંસ ચાણૂર મર્દનમ્'।

દેવકી પરમાનંદ કૃષ્ણં વદે જગદ્ગુરૂમ્' ॥

(૧) કૃષ્ણ ભારતીય ગ્રામીણ અને કૃષિ ગોપાલન સંસ્કૃતિના પ્રેરક હતા. ગૌ-ઉછેર તેમનાં માટે ગ્રામીણ અર્થતંત્રની કરોડરજ્જુ હતી, દુર્ભાગ્યે આપણે ગાયની લૌકીક પૂજા પાછલ પડી ગયા અને કૃષ્ણનો સંદેશો ભૂલી ગયા. આજે કૃષ્ણની ગાયો એંઠવાડ અને પ્લાસ્ટિક ખાય છે.

(૨) કૃષ્ણની માખણ ચોરની ઈમેજને સમજતા નથી

તેમનાં જમાનામાં માખણ પણ માત્ર સુખી સંપન્ન પરિવારનો કબજો રહેતો, ધનિકો મલાઈ ખાતા અને સામાન્ય પ્રજાજનો તેનાંથી વંચિત રહેતા.

- ગોકુળ - વૃંદાવનનું માખણ અને દહીં મથુરા પહોંચતું અને વ્રજમાં બાળકો તેનાથી વંચિત રહેતા - કૃષ્ણ માખણચોરનો આરોપ સહીને પણ ગોકુળનું દહીં-માખણ મથુરામાં જતું અટકાવ્યું.

(૩) કૃષ્ણે પર્યાવરણની જાળવણીનો સંદેશ આપ્યો છે

એટલે જતો જમનાનાં ઝરામાંથી નાગના વિષને દૂર કરીને પર્યાવરણની જાળવણીનો સંદેશ - તુલસી - ચણોઢી પ્રત્યે પ્રેમ દર્શાવ્યો.

(૪) કૃષ્ણને વસ્ત્રવિહીન ગોપીઓ જેવામાં નહીં પણ જાહેર સ્થળે નદી-તળાવે વસ્ત્રહીન દશામાં સ્નાન ન થાય તેવો સૂક્ષ્મ સંદેશ પણ આપ્યો છે.

(૫) કૃષ્ણ-દારૂ (મદિરા)ના વિરોધી

- કૃષ્ણ પોતાના યાદવ કુળનાં યાદવો દારૂ પીને માંહે - માંહે લડીને મર્યા ત્યારે દારૂ સામેનો કૃષ્ણનો વિષાદ કેવો હશે. આજેય લઠ્ઠો પીને સેંકડો માણસો મૃત્યુ પામે છે.

(૬) ઉત્તમ વિષ્ટીકાર તરીકે કૃષ્ણે મહાભારતના ભીષણ યુદ્ધને અટકાવવાના પુરા પ્યાસો કર્યા અને પોતે યુદ્ધખોર નથી તેની પ્રતીતિ કરાવી.

- તો બીજી બાજુ અર્જુનને યુદ્ધ કરવા માટે પ્રેરણા આપીને પોતે પલાયનવાદી નથી તેની પ્રતીતિ કરાવી.

- કૃષ્ણે ભીષ્મ, કર્ણ, દ્રૌણ અને દુર્યોધન સાથે કપટ કર્યા પણ તે વધુ સત્યના સાથ માટે - અધર્મ સામેની લડાઈ માટે કર્યું.

● કૃષ્ણે યુદ્ધ કરીને રાજય મેળવ્યું નથી કે રાજા બન્યા નથી

- એક ઉત્તમ શિક્ષક અને જિજ્ઞાસુ વિદ્યાર્થી પેઠે કૃષ્ણ-અર્જુન સંવાદથી ગીતા સ્વરૂપે તેમણે જીવન જીવવાની પદ્ધતિ આપી.

- જ્ઞાન ભક્તિ કર્મનો માર્ગ પ્રબોધ્યો.

- આજે સૌ કૃષ્ણ ભક્તિ કરે છે પણ નિષ્કામ કર્મયોગ ભુલાતો જાય છે

● લોકો ભલે છપ્પન ભોગ જમાડે પણ તેને સુદામાનાં તાંદુલ અને વિદુરજીની ભાજી ભાવે છે.

- ઉપવાસ કરવાથી કે જાગવાથી નહિ પણ શ્રદ્ધાપૂર્વક પત્ર-પુષ્પ-ફલતાય પ્રસન્ન થાય.

- દ્રૌપદીનાં ચીર પણ પૂરે છે - જરૂર જણાય ત્યાં પ્રેમની વાંસળી અને જરૂર જણાયા ત્યાં સુદર્શન ચક્રનો ઉપયોગ કરે છે - આજે કયાં છે કૃષ્ણનું સ્ત્રી દાત્રિણ્ય, આજે નારીગૃહો, મહિલા હોસ્ટેલોમાં પણ કોઈ સુરક્ષિત નથીય

શ્રીકૃષ્ણની જેમ ચીર પુરવાની જગ્યાએ દુર્યોધનો બળાત્કાર કરીને યુવતીઓની હત્યા કરી દે છે અને તંત્ર શ્રીકૃષ્ણ બનવાની જગ્યાએ ધૃતરાષ્ટ્ર બનીને તમાશો જોતા રહે છે.

- કૃષ્ણ મા-બાપ (દેવકી અને વાસુદેવ) ને જેલમાંથી મુક્ત કરાવે છે. આજે સંતાનો મા-બાપને વૃદ્ધાશ્રમમાં ધકેલે છે... પિતાની ઝૂંપડી મધ્યે ધરતીમાને જે રડાવે અને મંદિરની માને ચુંદડી ઓઢાળે તે યોગ્ય નથી.

- ગૌરવર્ણ પ્રત્યે ઘોર આસક્તિ ધરાવતા ભારતમાં કૃષ્ણએ પણ શ્યામવર્ણને સન્માન અપાવ્યું છે.

- અર્જુનને મહાભારતનું યુદ્ધ જીત્યા પછી અહંકાર આવી જાય છે. ખાલી રથ જોરદાર અગ્નિ કડાકા સાથે તૂટી જાય છે.

- અત્યારના નેતા, પ્રજા, ન્યાયતંત્ર અને ધર્મ સત્તાએ શ્રીકૃષ્ણએ કહેલાં માર્ગે ચાલવાની જરૂર છે. શ્રીકૃષ્ણના મહિમાને ખરા અર્થમાં વણી લઈએ તો ભારતનો સુપર પાવર બનવાની ફોર્મ્યુલા તેમનાં ચરિત્રમાંથી મળી શકે તેમ છે.

## નવાં કલેવર (પાના નં. ૪ નું ચાલુ)

રાજધાની એક્સપ્રેસમાં ચડતાં તેને ડર સવાયો થઇ ગયો. તેની નજર સામે પળે પળ અકસ્માતનાં દૃશ્યો જ દેખાવા લાગ્યાં. તેણે પોતાની જાતને દિલાસો આપવા માંડ્યો કે ડરવું નકામું છે. આખા દેશમાં કેટલી ટ્રેનો દોડે છે. દરેકને કંઇ અકસ્માતો થતા નથી અને થતા હોય તો પણ આજે કોઇ ટ્રેનને અકસ્માત થશે એવું પણ નથી અને તે પણ રાજધાની એક્સપ્રેસને જ થાય અને કદાચ અકસ્માત થયો તો તેમાં પોતાને કંઇ થાય એવું પણ જરૂરી નથી.

ત્યારે તેને એમ લાગ્યું કે મુસાફરી કરનાર દરેક જણ એવું જ વિચારતા હશે કે દેશમાં આટલા લોકો છે. તેમાં અકસ્માતો થાય તો પોતાને થાય એવું કંઇ રીતે બને. તેમ છતાં અકસ્માતો થાય છે અને લોકો તેમાં જીવ ગુમાવે છે અને ત્યારે તેના મગજમાં અનેક વિચારો આવવા લાગ્ય. તે અકસ્માતો બાબતે વિચારવા લાગ્યો કે તે શા માટે? પછી તે અકસ્માતના કારણો શોધવાના પ્રયાસો કરવા લાગચયો. ટ્રેન કે વિમાન ને રવાના કર્યા પહેલાં તેની બરાબર તપાસ થાય છે. તે બરાબર ચાલશે એમ લાગે ત્યાર પછી જ તેને રવાના કરાય છે. મુસાફરો તો આવનાર ખતરાથી બિલકુલ અજાણ હોય છે ત્યાં અચાનક ગાડી કે વિમાનને કોણ જાણે શું થઇ જાય. ઘણાં લોકો ઘાયલ થાય છે તે ઘણાય મરી જાય છે. તેને લાગ્યું કે શું આ અકસ્માતો કર્મચારીઓની બેદરકારીને કારણે થતાં હશે કે પછી સરકારને બદનામ કરવાનું આમાં કોઇ ષડયંત્ર હશે? કે પછી એમ જ કંઇ થઇ જતું હશે? કે પછી આ કુદરતનો કોપ હશે? ગમે તે હોય પણ એક અકસ્માત માનવ અસ્તિત્વ માટે જોખમ રૂપ તો છે જ. આજે માનવ જીવનનું જાણે કે કંઇ મુલ્ય જ નથી. એક પળમાં હજારો લોકો મૃત્યુના મુખમાં ધકેલાઇ જાય છે.

તેની વિચાર પ્રક્રિયા એમ જ ચાલતી રહી. ટ્રેનની ગતિની સાથે સાથે તેની ઝડપ પણ વધતી ગઇ.

વડોદરા સ્ટેશન આવ્યું તો તેનો ડર એકદમ વધી ગયો. તેની શંકા બળવત્તર બની. તે ગાડીમાંથી ઉતરી પ્લેટફોર્મ પર પોતાના ડબ્બા પાસે આંટા મારવા લાગ્યો. આંટા મારતાં મારતાં તેણે ઘણી બધી બાબતોનું નિરીક્ષણ કર્યું. ચ્હાવાળા પાસેથી ચ્હા લઇ તેના એક એક ઘુંટડા સાથે તેણે ગાડીના ડબ્બે ડબ્બે બેઠેલા લોકો, ડબ્બાની આસપાસ ફરતા લોકો, ફેરિયા, કુલી વિગેરેથી લઇને ગાડીના પૈંડા તેમજ પાટાઓ એ રીતે જોયા કે ગાડીને ઉડાડી મુકામાં કોઇનો હાથ તો નથી ને? પણ તેને એવું કંઇ દેખાયું નહીં. જેમાં ભાવિ અકસ્માતનાં ચિહ્નો નજરે પડે. હાશકારા સાથે તે ફરી પાછો આવીને પોતાની સીટ પર બેઠો.

પરંતુ ગાડીના ચાલવાની સાથે તેના મગજમાં ફરી વિચારો ઘુમરાવા લાગ્યા. તેમાં આવનાર સંકટનો આભાસ પણ હતો અને અંધકારમાં દૂર ક્યાંક આશાનું કિરણ પણ દેખાતું હતું. સૂતાં સૂતાં પણ તેને એ જ વિચારો મુંઝવતા હતા. વિચારોનો ક્રમ ત્યારે તૂટ્યો જયારે ગાડી મુંબઇના પ્લેટફોર્મ પર આવી ઊભી રહી.

તે પોતાને નસીબદાર સમજવા લાગ્યો. કેમ કે રસ્તામાં એવું કંઇ જ બન્યું નહીં જેનો તેને ડર હતો. પણ બીજી જ પળે તેનો એ આનંદ ડરમાં પરિવર્તિત થઇ ગયો જયારે તેણે પાછા જવા અંગે વિચારવાનું શરૂ કર્યું. આવતાં કંઇ ન થયું એ તો ઠીક છે પણ પાછા જતી વખતે...?

... અને એ વિચારે ફરી તે વ્યાકુળ થઇ ગયો.

- vanvihari@gmail.com